નિમકહરામ

નંદસિંહનું કાવત્રું

અને

કપટજાળ.

વિજયસિંહનો

અંતે સત્યનો સૂર્ય પ્રકાશ.

ભાગ ૧ લો.

મનોરંજન અદ્ભુત રસની વાર્તા.

રચનાર,

કવિ હર્ષદરાય સુંદરલાલ મુનશી.

છપાવી પ્રસિદ્ધ કરનાર.

શિવલાલ દયારામ પંચાલ.

રતનપોળને નાકે—અમદાવાદ.

શ્રી " સત્યનારાયણ " પ્રિન્ટિંગ પ્રેસમાં પટેલ મોતીલાલ
કાળીદાસે છાપ્યું પીરમસા રોડ અમદાવાદ.

સવંત ૧૯૬૮ સન ૧૯૧૨

આવૃતી ૨ જી. મુલ્ય મફત. પ્રત ૨૦૦૦

નિમકહરામ

નંદસિંહનું કાવત્રું

અને

કપટજાળ.

પ્રકરણ ૧ લું.

સૂર્ય અસ્ત થયા બાદ છેક અંધારૂ થઇ ગયું હતું. આકાશમાં તારાગણ વાદળાંથી ઢંકાઇ ગયેલા હતા. આ પ્રસંગે અસાડ મહીનો બેઠો હતો તેથી વાદળાંની ગતી ઘણી ચપળતાથી પુર્વથી પશ્ચિમ ભણી થયાં કરતી હતી; ઠંડો પવન છુટયાં કરતો હતો; નગરના લોકો પોતપોતાના ઘરમાં બારણાં વાસીને શયન કરવાની તયારીમા હતાં, ચિંતાતુર માણસો પોતાના ઝરૂખામાં મોટા ઉંડા વિચારમાં લીન થઇ બેઠેલા સંખીયાળા બની ગયા હતા; આ વખતે સરસરી રાત્રીના અગીઆર વાગ્યાનો વખત થયો હતો તેથી નગરનું રક્ષણ કરવાને કાળાં વસ્ત્ર ધારણ કરનારા આમ તેમ ગલી કુંચિયોના આ-ગળના ભાગમાં ફરી રહેલા હતા આવા અંધાર કોટમાં ખરૂં કહીયે તો નગર રક્ષકાર વિના બીજું કાંઇ નહતું છતાં તેવી વખતે એક જુવાન અસ્ત્ર શસ્ત્ર સજીને અને કાળાં વસ્ત્ર પરીધાન કરીને જે નિકળ્યો હતો તે એજ નગરના રાજાનો ખાસ મુછનો વાળ–પ્યારો

હતો તેથી નગર રક્ષકો તેને માન આપીને ખસી જતા હતા. તેવો આ એક માણસ ભય વીનાનો નગર બાહેર નજીકમાં એક ખુશનુમય બાગ પાસે આવીને ઉભો રહ્યો અને ચારે તરફ નજર કરીને ખડખડાટ હસવા લાગ્યો: ત્યાર બાદ તે કહેવા લાગ્યો કે નેકીનો બદલો નેક અને બુરાઇનો બદલો બુરો મળે છે એવી જે કહેવત કહેલી છે તે તમામ ખોટી છે; એવી કહેવત ઉપર ભરંસો રાખનાર લોકો ઘણીજ ભુલ કરે છે કારણ કે કેટલાંક નેક કામ કરનારા માણસો એવા તો ફસાય છે કે તેઓના બંધનમાંથી બાહેર નીકળવાનો હજુ વખત આવતો નથી. તો પછી નેક કામ કરવાનો ધર્મ ક્યાં રહ્યો ! આજકાલ સાચુ બોલનારા માણસો છેક ભોળા અને વાહીયાતમાં ગણાય છે, અને કોડી કફન પણ તેઓને મળતું નથી; એટલુંજ નહી પણ છેક ભીખારી બની ગયેલા જોવામાં આવે છે. અલબત ! બુરાઇ કર્યા વિના, ફતેહ મળતી નથી અત્યારે હું જે કામે નીકળ્યો છું તે કામ કરવામાં કપટજાળ પાથર્યા વિના કદી પણ યશ મળવાનો નથી. મહારાજાના મુછના વાળ પ્રમાણે કીંમતી બનવામાં કપટજાળનીજ ખાસ મદદ છે માટે આજે આ બાગમાં ખુબસુરત સુશિલ પતિવ્રતા સ્ત્રી સાથે બુરાઇ કરવા ધારૂંછું, અને તેમાં જો કે હું ફાવી શકીશ તો જરૂર હું દીવાનની પદવી મેળવી શકીશ. ખાસ આ કામ મહારાજા સાહેબે મને સોંપ્યું છે કપણ હું તે કામ અત્યાર સુધી કરી શકયો નથી તે માત્ર જોઇએ તેવો તક મને મળ્યો નથી; પણ આજે જે ગોઠવણી મ્હેં રચી છે તે ખરેખર જેવી જોઇએ તેવીજ રચાઇ ગઇ છે. ખેર, જે થાય તે ખરૂં, પણ આજે તો કરેલું પ્રયત્ન ગમે તે પ્રકારે પણ પાર પાડવાનું છે. ચાલો, જે થાય તે ખરૂં એવો વિચાર કરીને આ ઘાતકી કામ

કરવાને આવેલા માણસે બાગનો ઝાંપો યુક્તિથી ઉઘાડીને અંદર પ્રવેશ કર્યો પગના ખડખડાટ સંભળાય નહી તેવી રીતે ધીમે ધીમે ચાલતો હતો તે છેક એક શૃંગારેલા બંગલા નજીક ઝાડની ઘટામાં યુક્તિથી લપાઇને બેશી રહ્યો અને તેમાં શું થાય છે તે ખુલ્લી રીતે જોઇ શકે અને થતી વાતો સાંભળી શકે તેવી ગોઠવણથી છુપી જગોએ બેસી ગયો.

વિસ્તિર્ણ બાગ વચ્ચે બંગલો હતો તેની શોભા જેટલી કહીયે તેટલી થોડી છે. બાગ ચારેતરફ અનેક વૃક્ષોથી મોટા વિસ્તારવાળો એવો હતો કે તેમાં ઠેર ઠેર જળયંત્ર ફુવારા આરસપાહાણના પથ્થરોથી જડીત્ર કરેલા રમણિય કુંડ અને ઉત્તમ બેઠકોયુક્ત ઘણા હતા. ઠેર ઠેર દ્રાક્ષના માંડવા અને સુગંધી પુષ્પોની જગો નિર્માણ કરેલી હતી દરેક જગોએ એવા તો રસ્તા ગોઠવેલા હતા કે તે રસ્તાની બન્ને બાજુએ સુગધી પુષ્પોનાં રોપણ થએલાં હતાં. અનેક બેઠકો અને અનેક શિલાતલના રચનાઓ કરેલી હતી. તેવા ઉત્તમ બાગની મધ્યના બંગલામા એવો પ્રકાશ હતો કે જાણે આ વખતે ચંદ્રમા પોતેજ પધાર્યા હોય તેવી રીતે ઠેર ઠેર દીપકનો પ્રકાશ હતો. તેવા ઉત્તમ બગલામાં મધ્ય ભાગમાં મોટા પલંગ ઉપર એક પુરૂષ અને ખુબસુરત સ્ત્રી એમ બન્ને બેઠાં હતાં. પુરૂષની ઉમ્મર લગભગ પચીસ વરસની હતી, તેના શરીરનો બાંધો મજબુત અને બળકટ હતો, તે ગૌર વર્ણનો છતાં દેખાવમાં ઘણોજ ખુબસુરત અને મોહક હતો. તેના બન્ને નેત્રમાં લાલ વર્ણ છાઇ ગએલો હોવાથી તે શુરવીર નર હોય એમ જોતાં સેહેજ જણાતુ હતું. તેના બન્ને લાંબા હાથ યુદ્ધમાં યશ મેળવનારા છતાં દાન કરવામાં ઉદાર હતા. તેણે આ વખતે વરસાદ પડવાના ઉતાપાને લીધે મલમલનું બદન અંગ

ઉપર પેહેરેલું હતું. તેના શરીરનું વર્ણ ચંપક પુષ્પ જેવું છતાં તેના અંગ ઉપરનું ધવલ (શ્વેત) બદન સ્ફટિકમાંથી ચંપઇ રંગનું સંગે-મરમર હોય તેમ દેખાતું હતું. એટલે કુદરતી મોહક કાન્તી દીપકના પ્રકાશથી કોઇ જુદીજ રીતે દેખાતી હતી, ત્યારે તેના સાંમે અઢાર વરસની મૈનકાના સ્વરૂપ ગર્વને ખંડન કરે તેવી સુંદરી પ્રેમભાવથી પોતાના પતિ તરફથી નિકળતા વાક્ય સાંભળવાને આતુર બની બેઠી હતી; તેણીનો કુદરતિ દેખાવ મોહકજ હતો. તેની ખુબસુરતી એજ મુખ્ય દાગીનો અને અલંકાર હતા, તેણીનાં નેત્ર જો કે નિર્મળ હતાં તથા તેણીનું હૃદય નિર્મળ નેત્રકેન્દ્રમાં વસેલું હતું તોપણ તે નેત્ર વિકારી પુરૂષોને તો શું પણ વિવેકી પુરૂષોના હૃદયમાં વિકાર ઉત્પન્ન કરાવે તેવાં હતાં તેવી સર્વાંગ લાવણ્યવતિ યોશિતા એક બાજુએ લક્ષ દઇને અને પોતાના કપોલ પ્રદેશ ઉપર જમણો હાથ ગોઠવીને પતિ તરફ ધ્યાન આપી રહેલી હતી.

આ વખતે મ્હારા વાચક પ્રિય મિત્રોને શંકા રહેતી હશે કે આ બંગલામાં સ્ત્રી પુરૂષ બેઠેલા કોણ છે, અને તે બાગમાં શસ્ત્રા-દિક સજીને આવેલો વૃક્ષ લતામાં છુપાઇને બેશી રહેલો કોણ છે! તે વીગેરે જો કે કાંઇ સમઝી શક્યા નથી. યદ્યપિ તે કોણ છે તે આગળ જણાઇ આવશે પણ એટલું અત્યારે જણાવવા યોગ્ય ધારીએ છીએ કે બંગલામાં બેઠેલો મરદ આ વાર્તાનો નાયક વિજયસિંહ છે અને તેની પાસે બેઠેલી સર્વ પ્રકારના ઉત્તમ ગુણથી અને લાવણ્ય-તાથી શોભા પામનારી વિજયસિંહની પત્ની કુમુદસુંદરી છે.

તે બન્ને પ્રસ્તાવિક વાતો કરી રહેલાં હતાં એટલામાં વિજય-સિંહ એકાએક યાદ આવવાથી ઉભો થાય છે, અને પોતાનો લ-ડાયક પોશાક પેહેરવા તરફ નજર કરે છે; તે જોઇને કુમુદસુંદરી-

એ પ્રશ્ન કર્યો કે પ્રિયતમ! આપ એકાએક ચિંતાતુર થયેલા ઉભા કેમ થયા? શા વિચારમાં લીનથઇ ગયા છો? અત્યારે તો શાંન્ત છે. પ્રિય! મારા સગા! તમે શામાટે લડાયક પોશાક ભણી નજર કરો છો?

વિજયસિંહે કહ્યું કે "પ્યારી! મ્હારે આ વખતે બારવટિયો પકડવા માટે જવું છે. બારવટુ કરનારાઓ પોતાનો લાગ આ વખત સાધે છે; તેઓ નહી વપરાયલા રસ્તે થઇને આવે છે; માટે મારે તેટલા કારણસર અત્યારે નીકળ્યા શિવાય છુટકો નથી.

પ્રાણનાથ! મ્હેં સાંભળ્યું છે કે તે બારવટીયો ઘણો બાહોશ, શૂરવીર અને કાવત્રાખોર છે: અત્યારે ભયાનક અંધારી રાત્રી છે, માટે તેવા જોખમમાં શા માટે જાઓછો? હું નિરાધાર અબળાનો માત્ર આપજ આધાર છો. મારૂં કહેવું માનીને અત્યારે નીકળવું બંધ રાખો અને પ્રાત:કાળે નીકળશો તો કાંઇ હરકત નથી. આ પ્રમાણે નમ્રતાપુર્વક કુમુદસુંદરીએ કહ્યું.

હા, એ વાત ખરી છે; પણ મહારાજા સાહેબની આજ્ઞા આ વખતે નીકળવાને મને થઇ છે. જો હું ન નીકળુ તો મહારાજાના મનમાંથી ઉતરી જાઉ, મારી બાહદુરીને પણ લાંચ્છન લાગે, વળી તેમની આજ્ઞાનો અનાદર થાય, તે શિવાય મારા કર્તવ્ય કર્મને, કલંક લાગ્યા વિના રહે નહી. પ્યારી! એ કેટલું બધું જોખમભરેલું છે? જે જે કામ મ્હેં આ રાજ્યમાં મહારાજા સાહેબની આજ્ઞાથી કર્યાં છે તે કામથી તેઓ સંતોષ પામ્યા છે. વળી તે બારવટિયાથી પોતે ઘણો કંટાળો પામેલા છે, એટલુંજ નહી પણ તેના તરફનો સંપૂર્ણ ભય મહારાજાના હૃદયમાં પેશી ગયો છે, અને એટલાજ કારણથી રાત્રીએ તપાસ કરવાને મને આજ્ઞા આપી

છે છતાં તે આજ્ઞાનું હું ઉલ્લંઘન કરૂં તો, અને અત્યારે હું ન નીકળું તો તે મારે માટે પ્રાતઃકાળમાં કેવું સાહસ કરશે તેના માટે કંઇજ કહી શકાય નહી. માટે મારે અત્યારે નીકળ્યા વિના ચાલેજ નહી આ પ્રમાણે કુમુદસુંદરી પ્રત્યે વિજયસિંહે વાત કરી.

ત્યારે તો સ્વામિન ! મને પણ સાથે લ્યો તો બનશે તેટલી હું આપની શેવા બજાવીશ. વળી આપના વિરત્વને કલંક લાગે એવું નહિ કરવા મારી પણ ભલામણ છે માટે મને સાથે લ્યો; જેથી હું પણ નિર્ભય રહી શકીશ. પ્રિયતમ ! મારા ઉપર કેટલું જોખમ છે, હું પ્રસંગે ભવિષ્યને માટે કેવી સ્થિતિમાં આવી જવાની છું, તે વિશે સઘળી વાત મ્હેં તમને કહી જણાવી છે; માટે મને સાથે રાખશો તો હું આપની સાથે નિર્ભય રહીશ. જોકે મને અત્રે દાસદાસીયોના રક્ષણ નીચે મુકીને જશો તોપણ મારા ઉપર મુશ્કેલી આવ્યા શિવાય રહેવાની નથી, દુષ્ટ મસલતખોર ક્રુર કર્મ કરનારાઓ મારા શિયળનું ભંગ કર્યા શિવાય રહેવાના નથી. તે સમગ્ર આપ ક્યાં જાણતા નથી. આ પ્રમાણે કુમુદસુંદરીએ કહ્યું અને પોતાના પતિ તરફ દીન મુખમુદ્રાથી એકી નજરે જોઇ રહી.

હા, એ વાત પણ વાસ્તવિક છે. હું એજ વિચારમાં ગર્ક થઇ ગયો હતો, વિજયસિંહે પોતાનો વિચાર જણાવ્યો.

સ્વામીન ! તે દુષ્ટની મારા ઉપર નૈયત ખરાબ થઇ છે. વળી બારવટિયા તરફ મોકલવાને જે ગોઠવણ કરી છે તે એવી તો જોખમ ભરેલી છે કે તે દુષ્ટે આ વખતે કાળરાત્રીમાં તમને બાહેર કાઢવાને આજ્ઞા કરી છે, અને તમારી ગેરહાજરીમાં પોતે હાવી જવાને અને દુષ્ટ મુરાદ પાર પાડવાનેજ આવો ઘાટ ઘડ્યો છે.

પ્રિય પ્રાણ ! તે બારવટિયાથી સેંકડો માણસો મરાયાં છે તે શું તમારા જાણવા બાહાર છે ?

ધીરે રહીને વીજયસિંહે પોતાની સ્રીને દીલાસો આપ્યો, કે તમારા પીતા દારૂણસિંહ જ્યાં સુધી હયાત છે તથા જ્યાં સુધી મહારાજાની અડદલીમાં છે ત્યાં સુધી તમારા ઉપર કોઇ તરેહની આફત આવી શકશે નહી; માટે તમે નિશ્ચિંત રહો. તે સાંભળી કુમુદસુંદરીએ ઉત્તર આપ્યો કે અરે હાય ! આપનું કહેવું સત્ય છે. પણ મને પેલા ખુનની વાત યાદ આવે છે, ત્યારે મારૂં કાળજું ધડકવા માંડે છે. તે વખતનો દેખાવ મારા કુમળા હૃદયમાં આબેહુબ છપાઇ જાય છે. તે ખુન થવામાં મારા પીતાના હાથ લોહીથી ખરડાયલા હતા. તે વખતે મારા પીતાના હૃદયમાં જે નિર્દયતાનો પ્રવેશ થયો હતો તેથી થએલાં તેમનાં રાતાં નેત્ર અને તેમના હાથથી તલવારનો થયેલો ઝટકો તથા તેથી લોહીની ધારા છુટવી: એ વગેરે તમામ દેખાવ યાદ આવતાં હું કેવળ ભયગ્રસ્ત બનેલી બાહાવરી થઇ જાઉં છું. મારા શરીરનાં તમામ રોમ ઉંચા થઇને કમ કમી આવે છે. સબબ તેવા કારણથી મારા પીતાનો પણ ભરૂંસો ઉઠી જાય છે માટે હે પ્રાણનાથ ! એટલા માટે હું આપની સાથે આવું અને આપના સુખ દુઃખની અર્ધભાગી થાઉં અને નિર્ભય રહું એજ હું ઇચ્છા રાખુ છું.

પ્યારી ! તમારૂં કહેવું વ્યાજબી છે. પણ જ્યારે હું આવા કામમાં તમને સાથે લઇ જાઉં ત્યારે દુર્જન લોકો મારા ઉપર વિચિત્ર અપવાદ મુકે. જેમાં એમ કહેશે કે પોતાની સ્રીની ચાલચલગત અને વર્તણુંક ઉપર વિશ્વાસ નહી આવ્યાથી પોતાની સાથે લઇ ગયો, તેથી એમ કરવું એ શુરવીર જવાંમર્દનું કામ નથી. એવા

દુઃખદાયક આરોપ માટે હું પાછો હઠું છું, વળી આવા પ્રસંગમાં તમને સાથે રાખવાં પણ યોગ્ય નથી. કદાચ શત્રુઓની ભેટ થઇ જાય, અને તે પ્રસંગે તલવારની કટાકટી કરવાનો પ્રસંગ આવે તે વખતે શત્રુઓની છાતી ભેદવામાં જે નિર્ભયતા અને નિશ્ચિંતપણું જોઇએ તેને બદલે તમારૂં રક્ષણ કરવાની ચિંતા જ્યારે વ્યાપે ત્યારે બહાદુરીનું કામ કરવામાં વિજય પ્રાપ્ત થતો નથી; સબબ શુરવીર પુરૂષે પોતાની સ્ત્રીને તેવા સંયોગમાં સાથે રાખવી યોગ્ય નથી. વિજયસિંહે જવાબ આપ્યો.

ચિંતાથી વ્યાકુળ થએલી કુમુદસુંદરી નેત્રમાંથી આંસુ ટપકાવતી બોલી, કે હે પ્રભુ! હે સ્વામીન! મારા પીતાના હાથ પેલા ખુનથી ખરડાયલા મ્હેં જ્યારથી દીઠા છે ત્યારથી મને ધ્રુજારી છુટે છે. પ્યારા પતિ! તે મર્ણ પામનારી કેવળ નિર્દોષ બાળ અવસ્થાની છતાં કેવી ખુબસુરત હતી? અરેરે! તેણીને મારા પીતાએ શા માટે મારી? અરે હાય, તેનાજ લોહીથી મારા પીતાના હાથ લોહીવાળા થએલા હતા, એમ કહીને થરથર ધ્રુજવા લાગી. કુમુદની આવી સ્થિતિ જોઇને વિજયસિંહે ઉત્તર આપ્યો, કે એ તો ઘણોજ કેર થઇ ગયો છે એ થએલું ખુન હું પણ ભુલ્યો નથી, પણ એવું કૃત્ય કરવામાં તમારો પિતા શું કરે? તે કેવળ લાચાર અને પરાધીન હતો. તેવું ઘાતકી કામ કરવાને તેનાથી ભયને માર્યે ના કહી શકાય તેમ નહતું; પણ અત્યારે મને એક યુક્તિ યાદ આવી છે તે તમે સાંભળો, એમ કહીને વિજયસિંહે પોતાની કુમુદસુંદરી પ્રિયાની પાસે જઇ તેના કાંનમાં કંઇક કહ્યું. તેથે કંઇક ધીરજ વળી તેથી તે વખતે વિજયસિંહ પોતાનો લડાયક પોશાક પેહેરવાની તૈયારી કરવા લાગ્યો.

હવે આપણે બીજી બાજુએ વળીયે, એટલે આ પ્રકરણની શરૂઆતમાં પેલા જે માણસ બુરાઇ કરવાને માટે બદફાનતથી નિકળ્યો છે, અને તે આ બાગના રમણિય બંગલાની એક બાજુએ વૃક્ષ ઘટામાં લપાઈને બેસી રહેલો છે તે માણસ સદરહુ બન્ને સ્ત્રી પુરૂષની થતી વાતચીત અને હીલચાલ તરફ લક્ષ આપી રહેલો હતો. તેણે તમામ થએલી વાતો સાંભળી હતી, અને પોતે જે કાવસ્તાન રચીને આવ્યો હતો તે પુર્ણ થવાને એક મદદગારની રાહ જોતો હતો, એટલામાં તે બાગના દ્રાક્ષના માંડવાનાં પાંદડાનો અવાજ આ છુપા રહેલા માણસે સાંભળ્યો એટલે તે વધારે સાવધ થયો. એટલામાં તો તે સાંમો આવતો જણાઓ. તે વખતે ધીમે સાદથી આ છુપાઇ રહેલો માણસ કે જેનું નામ દેવીચરણ હતું તેણે કહ્યું, કે કોણ છે? શું દારૂણસિંહ કે? તેના જવાબમાં આવનાર દારૂણસિંહે ધીમેથી હા કહી અને પેલા દ્રાક્ષના માંડવામાં દેવીચરણની જોડે દારૂણસિંહ લપઇને બેસી ગયો, અને ધારે અવાજથી કહેવા લાગ્યો કે પ્રિયભાઇ દેવીચરણ, જો તું મને અહિંયાથી જતાં રહેવાને આજ્ઞા આપે તો હું ત્હારો જન્મપર્યંત કદી પણ ઉપકાર ભુલવાનો નથી.

દેવીચરણ—અરે ભલા માણસ! એવું કદી પણ બનવાનું નથી. અને નકામી તેવી આશાઓમાં તું પોતાના પગ તરફ ડાલતો નહી.

દારૂણસિંહ—ત્યારે શું મ્હારા હાથથીજ મ્હારી દીકરીનું ખુન કરવું પડશે! અરે હાય! કેટલું બધું અઘટિત! તમે જરાક તો વિચાર કરો! આ છાતી કેમ નહી ભેદાય!

અગત્યની જાહેરાત.

અમદાવાદ, રતનપોળને નાકે, દુકાન નં. ૫૨૯૪.

અમારી દુકાને ચાંદીના ફેન્સી દાગીના સહુથી કીફાયત ભાવથી ઉત્તમ પ્રકારની બનાવટના મળશે.

૧ કોટનાં તથા હાથના વિગેરે સો જાતનાં ફેશનવાળા બટનો.
૧ કફના બટનો સો પ્રકારના મનપસંદ.
૧ તોડીયો, મગ પીટ ગુંથેલી, ઘાણા ટીકીની અને ટીકીના એમ ઘણી ફેશનના.
૧ ખમીસ તથા પોલકાના છાતીના બટન વીસ પ્રકારના.
૧ બૈરાંના પગની આંગળીયોના દાગીના.
૧ અંગુઠીયો આઠ પ્રકારની મનમોહક ફેશનવાળી.
૧ સો પ્રકારના જુદી જુદી જાતના અછોડાઓ.
૧ જાત જાતના લંગર, ટીકી, ચટાઇના કટકના મગપીઠ વિગેરે.
૧ આઠ જાતના ફેશનવાળા કંદોરા.
૧ નાની મોટી ઢલ્લીઓ ફેશનવાળી.
૧ દસ પ્રકારના જુદી જુદી ફેશનના સાંકળા.
૧ અઢાર પ્રકારના ફેનસી જુદી જુદી જાતના દાગીના.
૧ બૈરાને પગના જુદી પ્રકારના ફેશનના સાંકળાં.
૧ ન્હાનાં બચ્ચાંને તમામ જાતના ઉપયોગી.

એ રીતે અનેક પ્રકારના વગળ વિનાના ચોખા દાગીના અમારી દુકાનેથી મળશે. અમારા દાગીના બદલવામાં આવે ત્યારે ચાંદીના ભાવથી પાછા લેવામાં આવશે માટે ઘર સંસાર નભાવનાર ભાઇયો અમારી સત્ય ધર્મથી વર્તનારી દુકાનેથી માલ લેવાને તક ચુકશો નહી.

ટીપણુ.

૧. હાલના વખતમાં કરકસરથી લાંબા વખતમાં સારૂ દેખાડનાર આ દુકાન છે.

૨. ખરી વસ્તુ આપીને દુકાનની કીર્તિ વધારનાર આ દુકાન છે.

૩. મોટાથી તે નાના બાળકને એકજ ભાવથી ચોખી વસ્તુ આપનાર આ દુકાન છે.

૪. હિંદ પ્રજામાં ગરીબ માણસોના કુટંબમાં મનમાનતી ચીજો સહાઇદાર અને દેખાવમાં સારી અને વ્યાજબી ભાવથી આપનાર આ દુકાન છે.

૫. સત્ય ત્યાં જય છે. એના મુળ તત્વને જાણીને સત્ય શેવા બજાવનાર આ દુકાન છે.

૬. જ્યારે કસર મજરે લેવા ગ્રાહક હઠ કરે છે ત્યારે તેનો ખોટો રીવાજ જોઇ વેપારી પણ પ્રથમથીજ કસર ચઢાવે છે. પણ એવી રીતે આ દુકાન કરતી નથી માટે કોઇએ કસરના રીવાજને આધીન થઇને કસર માગવી નહી. આ દુકાન સત્ય ધર્મને શ્રેષ્ઠ માને છે.

શિવલાલ દયારામ પંચાલ.

અમદાવાદ.—રતનપોળને નાકે, દુકાન નં. ૫૨૯૪.

દેવીચરણ—અલબત, જો કે તમારી દીકરી પેલી વાત કબુલ ન કરે તો તમારેજ તેનું ખુન કરવું પડશે.

દારૂણસિંહ—મારા મેહેરબાન! એમ કેમ બને. અત્યારથીજ મારો હાથ કંપે છે, અને આ કટાર હાથમાંથી પડી જાય છે.

દેવીચરણ—યાદ રાખ, કે ઝખમારીને તમારે મારું કહેવું કબુલ રાખવું પડશે.

દારૂણસિંહ—પણ જરાક સાંભળો તો ખરા! મારા હાથની શક્તિ તો કેવળ હાલથીજ નાશ થઇ ગઇ છે તો પછી હું શું કરવાનો હતો?

દેવીપ્રસાદ—તો પછી શું પેલા ખુનની વાત તને યાદમાં લાવવી પડશે કે?

દારૂણ—(ધ્રુજતો ધ્રુજતો) અરરરર; ગજબ થઇ ગયો! (દેવી પ્રસાદના પગમાં માથું મુકીને) બસ બસ. હવે તમે ક્ષમા કરો. તે ઘાતકી બનાવની વાત ફરીથી યાદ ન કરાવો. લ્યો. હું તૈયાર છું, પ્રિય! તમે જેમ કહેશો તેમ કરવા તત્પર છું; પણ જો મારી પુત્રી પેલી વાત કબુલ નહીં કરે તો તેનો વધ કરવાને હું કબુલ થાઉં છું. પણ હે ભાઇ! પેલા કમકમાટ ભરેલા કૃત્યનું તમે મારા આગળ કદી પણ નામ લેશો નહી. અરે હાય! તે યાદ કરતાંજ મારા પગ ધ્રુજે છે, હૃદય ફાટી જાય છે, અને આંખે અંધારા આવે છે. અરે હાય! આ કેટલી બધી લાચારી!

દેવીચરણ—ઠીક ઠીક, ત્યારે અત્યારે આપણે અહીંયા બેસી રહેવું ઠીક નથી; પણ પેલા બાગના દરવાજા પાસે ગુપ્ત રીતે

આપણે ઉભા રેહેવાની જરૂર છે. કેમકે આ બંગલા-
માંથી પેલો મરદ તૈયાર થઈ પોતાની કામગરીએ
નીકળવાની તૈયારી કરે છે માટે આપણે તે તરફ ગુપ્ત
સ્થળે ટકવું ઠીક છે.

દારૂણ—ભલે જેવી તમારી ઇચ્છા.

દેવી—પણ જરાક સબુર કરો; વખતે આ લોકો દરવાજા તરફ ન
જાય તો કેમ કરવું? ઠીક ઠીક, પણ જો તો ખરો! પેલા
બંને સ્ત્રી અને પુરૂષ બંગલામાંથી ઉઠયા હાં કે. માટે
હવે હું કહું તે લક્ષમાં રાખજો અને તમે તે કામ
સાધજો, અને હું વિજયસિંહની પાછળ લાગુ થઇ
જાઉં છું. તમે કુમુદસુંદરીની તજવીજમાં રહેજો હાં કે.

આ પ્રમાણે કહીને દેવીચરણ આડકતરે રસ્તે બાગના ઝાંપા બાહેર ચાલ્યો ગયો અને બાગમાં દારૂણસિંહ યુક્તિથી એક મોટા વૃક્ષના ઓઠા પાછળ બેસી ગયો.

આ વાર્તાનો નાયક વિજયસિંહે પોતાના બંગલામાં પોતાની પ્યારી સ્ત્રી કુમુદસુંદરી સાથે યુક્તિથી સંભળાય નહી એવી છાની છાની વાત શી કહી તે અત્યારે આ પ્રસંગે જણાવવાની નથી; પણ એટલુ તો ખરૂ કે તે વાતથી કુમુદસુંદરીને આનંદ થયો હતો જે ઉપરથી એટલો અનુમાન થાય છે કે કુમુદસુંદરીની ઇચ્છાનુસાર સમયબલને જોઇને વિજયસિંહે વાત કરી હશે,

એટલું થયા પછી વિજયસિંહ અને કુમુદસુંદરી બન્ને બંગલામાંથી ઉઠીને એક બાજુ જવાને તૈયાર થયાં અને બાહેર આ-વીને વિજયસિંહે પોતાની સ્ત્રી કુમુદને કહ્યું કે ચાલો હવે તમારી

દાસીઓને બોલાવીને તમારા રક્ષણ માટે સુપ્રત કરતો જાઉં છું તે સાંભળીને,

કુમુદ—પ્રાણપતિ ! હવે એ સંબંધી આપ કાંઇ પણ ફિકર કરતા નહીં. હું હવે બાગના ઝાંપા સુધી આપને વળાવવા સારૂ આપની સાથે આવીશ; અને ત્યાંથી આપને વિદાય કરીને હું પાછી બાગમાં આવીને દાસીઓને ભેગી થઇ જઇશ મારે માટે કાળજી રાખવી એ દાસીઓનું કર્તવ્યજ છે; અને તે દાસીઓ આ બાગના બીજા રસ્તા ઉપરના ફુવારાની બેઠક ઉપર બેઠેલી મારા આવવાની રાહ જોતી બેઠી છેજ માટે આપે તે સંબંધી કંઇ ચિંતા રાખવી નહી.

વિજય—ભલે ત્યારે તમારી મરજી (એમ કહી કુમુદનો હાથ પકડી બાગના દરવાજા તરફ વળ્યો. જ્યારે દરવાજા પાસે પોહોંચ્યાં ત્યારે વિજયસિંહે કુમુદસુંદરીને કહ્યુ કે લ્યો, હવે આ દરવાજો આવ્યો. હું જાઉં છું અને તમે પાછા ફરીને બંગલે ચાલ્યા જાઓ. પણ કાંઈ ફીકર રાખતા નહિં.

કુમદ—ઠીક પણ આપ કેટલીવારમાં પાછા પધારશો ?

વિજય—એ બાબત હું નક્કી કહી શકતો નથી. ભવિષ્યની કોઇને ખબર નથી; પણ ઘણુંકરીને એક પોહોરની અંદર હું આ તરફ આવવાની ઈચ્છા રાખુંછું

કુમુદ—બહુ સારૂ, આપ પધારો; પણ મહારાજા સાહેબને મળશો નહી ?

વિજય—નહિ નહિ; હું તેમને મળીશજ નહિ. એ બાબત ચિંતા કરશો નહી.

આ પ્રમાણે કહીને ઘોડા ઉપર સ્વાર થઇ વિજયસિંહ બાગના ઝાંપા બાહેર નીકળી પડયો અને કુમુદસુંદરી ત્યાંથી પાછી ફરી, પણ બંગલા તરફ જવાનો મધ્ય બાજુનો સરીયાન રસ્તો મુકી દઇને એક બાજુને રસ્તે પશ્ચિમ દિશા તરફ જ્યાં એક પથ્થરનો ચબુતરો હતો અને જે ચબુતરામાં કેટલીક જુવાન દાસીઓ બેઠેલી હતી તે તરફ ચાલવા લાગી. તે રસ્તે જતાં કુમુદસુંદરી દ્રાક્ષના માંડવા પાસે જેવી પોહોચી કે તુરત તે મંડપની ગુફામાંથી એક આદમી ઝડપની સાથે બાહેર નીકળી છલંગ મારીને કુમુદસુંદરીની ગરદન જોરથી પકડી એકદમ તેને જમીન ઉપર પટકી દઇ તેની છાતી ઉપર ચઢી બેઠો અને બોલ્યો, કે બસ, ખબડદાર કુમુદસુંદરી! જો કોઈ રીતે રોઇ કિંવા બુમ પાડી તો તારા રૂદનથી કે ચીસથી તારો કોઈજ બચાવ થઇ શકવાનો નથી, અને હું તારૂ ખુન કર્યા વિના રહેવાનો નથી.

કુમુદસુંદરી—(ભયથી ગદગદ કંઠે) શું મારા પિતાજી કે! અરરરર! તમે પોતેજ કે!

દારૂણ—હા, હું તેજ પોતે હત્યારો અને દુષ્ટ કર્મ કરનારો કમબખ્ત તારો બાપ છું. અત્યારે હુંજ તારી છાતી ઉપર ચઢી, છુંદી નાંખવાને માટે તૈયાર બેઠો છું.

કુમુદ—અરે હાય પિતાજી! શું તમે પોતે પથ્થર જેવા હૃદયવાળા થઇ મારી ગર્દન કાપવાને તૈયાર થયા છો? અરે હું નિરઅપરાધી ઉપર દયા તો લાવો! હાયહાય! પીતાજી! આ બાળકીને તમે પાળી પોષીને મોટી કરી તે સંબંધીની મમતા અને પ્યાર કયાં ગયો, અને ઉલટમાં આ ઘોર કૃત્ય કરવાને તમારી છાતી પથ્થરતુલ્ય કઠણ અને નિર્દય કેમ થઈ?

દારૂણ—નહિ, નહિ, મારી મરજી વિરૂદ્ધ તને કાપી નાંખવાની મને ફરજ પડ્યાથી લાચારી સાથે આ ઘોર કૃત્ય કર્યા વિના મારો બીલકુલ છુટકોજ નથી.

કુમુદ—હાય હાય, આ દુનીયામાં એવો કોઇ વજ્ર દિલનો મનુષ્ય હશે કે પોતાની પ્યારી પુત્રીના ગળા ઉપર પોતાનાજ હાથથી છરી ફેરવી તેને યમ લોકમાં પહોંચાડવા તૈયાર થાય ?

દારૂણ—હા, બેટી કુમુદ! જગતમાં હું નરપિશાચ અને અભાગી તારો બાપ પોતેજ હું છું. બસ, હવે તું એક શબ્દ પણ બોલતી નહી. તારા પ્યાર-યુક્ત દીન અને હૃદયને પીગળાવી નાંખે તેવાં વચનો સાંભળતા મારૂં હૃદય ચીરાઇ જાય છે, અને છાતીમાં ડુમો ભરાઇ ગળુ રૂંધાઇ જાય છે. પ્યારી! હાથમાંથી કટાર પણ છુટી થઇ જાય છે. દીકરી! બસ કર, હવે તું ચુપ રહે. હું કેવળ પરાધિન અને લાચાર છું.

કુમુદ—અરે પિતાજી! મને કોઇ પણ યુક્તિથી આપ નહિજ બચાવી શકો ?

દારૂણ—હા, પણ જો તું પેલી વાત સ્વિકાર કરે તો તું બચી શકે તેમ છે.

કુમુદ—અરે હાય, કેવું મુશ્કેલ અને અનીતિનું કામ, (જરાક વિ-ચાર કરીને) પીતાજી! જો હું તે વાત કબુલ કરૂં તો!

દારૂણ—ત્યારે તો તું બચી શકે ખરી પરંતુ તું મારી પુત્રી છતાં તે કાર્ય કરવાને આધીન થાય એ હું જરાએ પસંદ

કરતો નથી બેટા! તેના કરતાં મરવું ઘણુંજ ઉત્તમ છે. બેટા! કિર્તિને કલંક લાગવાથી જીવતો માણસ મુવેલા જેવો જાણવો પુર્વે યુદ્ધમાં ચઢેલા શુરા રજપુતો પોતાની સ્ત્રી અને બાળકોને કતલ કરીને શત્રુની સેનામાં મરણીયા થઇને પડતા હતા, સબબ એજ છે કે શત્રુના હાથમાં પોતાનો કબીલો સપડાય નહી. જેથી આપણો રજપુત ધર્મ સાચવવો જોઇએ, માટે તુ મારા હાથથી મર્ણ પામીશ તો હું નિશ્ચિંત થઇશ.

કુમુદ—પીતાજી આપની આજ્ઞા માથે ચઢાવું છું. હું કુલાંગાર અને કુલટા થવાને કદી પણ પોતાના ભયથી લલચાઉં તેવી નથી. માત્ર તે બાબતમાં આપનો શો વિચાર છે, તે જાણવા માટેજ મ્હેં મારા બચાવનો પ્રશ્ન કર્યો હતો.

દારૂણ—નહિ નહિ, હું તેવી વાત કોઇ કાળે પણ કબુલ કરૂં તેવો નથી, તે કરતાં તો તને મારા હાથથી કતલ કરવી ઉત્તમ માનું છું (એમ કહીને) હાય અફસોસ! આજ હું કેવો અનર્થ કરવા બેઠો છું?

કુમુદ—પીતાજી! મારે મરવું તો છેજ. હવે તેમાં બીજો પ્રશ્ન છેજ નહિ, અને હું કીર્તિનું રક્ષણ કરવાને માટે મરવાને જરાએ આંચકો ખાતી નથી; પણ મારી નમ્ર વિનંતી આપ સ્વિકારો તો કહું.

દારૂણ—શું છે? જે કહેવું હોય તે ઝટ કહી દે.

કુમુદ—શું કહું! ફકત કોઇના ચરણ દર્શન માટે આ તૃષાતુર આંખ્યો તલપી રહી છે તો તે દર્શન કરી લેવા પુરતુ થોડીકવાર મને જીવતદાન આપો તો સારૂ,

દારૂણ—અરે ઓ ભોળી દીકરી ! ત્હારી આ ધારણા ઘણીજ ભુલ-
ભરેલી છે. જેને તું મળવા ચ્હાય છે તે તો એક
કલાક પેહેલો આ દુનિયામાંથી કુચ કરીને જશે માટે
હવે બીજી દુનિયામાં તારી અને તેની મુલાકાત
થવાની ઉમેદ રાખ્ય.

કુમુદ—અરે હાય, જો તેમજ હોય તો મારા પતીના પેહેલાંજ મ-
રવાને હું તૈયાર છું. બસ પીતાજી! હવે વાર કર્યાં
વિના મને જલદીથી મારી નાખો. પીતાજી! તમે શા
માટે ગભરાઇને રૂવો છો! હવે તો તમે સત્વર સાવ-
ધાન થાઓ. આ હમેશને માટે દુઃખી જીંદગી ગાળ-
નારી અભાગ્યણીને આ દુનિયાથી દુર કરો. મને કાપી
નાંખવાને આ કટારને ટટાર કરીને આ મિથ્યા જ-
ગતથી પાર કરો. તમારી તલવારને તૈયાર કરો અને
હવે હું નિરાધાર ઉપર તલવારનો એકજ ફટકાનો
વાર કરો.

દારૂણ—(આંસુ પાડતો) હા પુત્રી, હું હવે તેમજ કરૂં છું. લે
હવે હુંશિયાર થા, અને જગતકર્ત્તા સર્વજ્ઞનું સ્મર્ણ કર.

અમારી ભેટ લેવા વિનંતી.

મનહર.

એકવાર દુકાનમાં આવીને નિહાળો મિત્ર,
ચાંદીના દાગીના કૃતિ ન્યારી અભિરામની;
ચાલતા જમાનાનો જરૂર ઘાટ ફેશનનો,
થોડામાં નિભાવ થાય કુટંબ વિશ્રામની;
સત્યની પરીક્ષા જુવો તપાસો અનેક ઘાટ,
મનને પમાડે મોહ ચીજો ઠામ ઠામની;
અમદાવાદની માંહ રતનપોળને નાકે,
અમારી દુકાન શિવલાલ દયારામની.
ચાંદીને ખરીદ કરી ઘાટને ઘડાવવાથી,
એક જોડ માટે થશે ખરચી ન કામની;
દોઢોડી કે સવાઇ તમે કિમ્મત આપીને બેસો,
ઘડતર માટે જુવો અનુભવ દામની;
અમારો તૈયાર માલ ચોખવટ સાથે જુવો,
ફાયદો તપાસો તમે વસ્તુઓ તમામની;
અમદાવાદની માંહ રતનપોળને નાકે,
અમારી દુકાન શિવલાલ દયારામની.

પ્રકરણ ૨ જું.

વિજયસિંહ પોતાની પ્યારી સ્ત્રી કુમુદસુંદરી પાસેથી બાગને દરવાજે છોડીને આગળ ચાલ્યો ગયો, અને સડક ઉપર પોહોચ્યો. અંધારી રાત કેવળ કાળ રાત્રીના ચમત્કાર જેવી હતી આકાશમાં વાદળા છાઇ રહ્યાં હતાં તેથી નક્ષત્રોનો પણ પ્રકાશ જણાતો નહોતો. સડક ઉપર બન્ને બાજુની વૃક્ષ ઘટામાંથી સુસવાટા મારતો પવન વધારે ફુંકાતો હતો. અંધકારને લીધે માર્ગ સુઝે તેમ નહોતો. રાત્રીના પક્ષીઓ આ વખતે આકાશમાં ગતી કરી રહેલાં હતાં તેના પાંખોના અવાજ ઉપરથી જણાતું હતું કે ગરીબ પક્ષીયોના ટોળાં ઉપર છાપો મારી રહેલાં હતાં. આવી કાળી રાત્રીમાં હુંશીયારીથી ચારે બાજુ નજર ફેરવતો વિજયસિંહ આગળ ચાલ્યાં જતો હતો; તેવામાં કાંઇ પાછળથી આવતું હોય તેવાં પગલાંનો અવાજ થવા માંડયો; તેથી વિજયસિંહ સચેત થયો. પોતે જે કામે નિકળ્યો હતો તે કામમાં હજાર પ્રકારના જોખમની અનુકુળતા આવી મળવાનો તેને સંભવ હતો. અંધારી રાત્રી પણ સંભવને મદદ કરનારી હતી; તેથી તે વધારે સચેત થતો વારંવાર તિક્ષણ દ્રષ્ટિથી ચારે બાજુ જોવા લાગ્યો; અને આગળ વધવા લાગ્યો. પગલાંનો રવ કયાંથી સંભળાયો, તેના માટે સ્થિર રહીને સાંભળવા લાગ્યો ત્યારે તેને પડેલો શક ખરો પડવા લાગ્યો.

એટલામાં તે સડકની જમણી બાજુથી સપાટાબંધ એક માણસ આવી પોહોંચ્યો. તે પયદલ હતો તેથી વિજયસિંહ ઘોડા ઉપર બેઠેલો લલકારા મારતો તેના તરફ તૈયાર થયો, અને લાંબો ભાલો સજ્જ કરીને કહેવા લાગ્યો કે ખબરદાર! તું કોણ છે. તેટલું સાંભળતાંજ પેલા આવેલા માણસે ઢાલ આગળ કરીને એકદમ એવો તો કુદતો

મારોં કે એકજ તલવારના ઘાથી ઘોડાની ડોક કાપી નાંખી. આટલું થતાની વચમાં વિજયસિંહે તે માણુસની છાતીમાં લાંબો ભાલો મારીને તેને વીંધી નાંખ્યો એટલે તે જમીન ઉપર પડયો અને વિજયસિંહ ઘોડા ઉપરથી ઉતરી જેવો હેઠળ ઉભો રહે છે, એટલામાં એક વૃક્ષની ઓઠેથી બીજા બે માણુસો ઢાલ તલવારથી સજ્જ થએલા એકાએક સામે આવીને અને તલવાર ખેંચીને ખબરદાર ખબરદાર; આ માણુસને મારીને હવે તું પોતે ભાગ્યેજ બચવાનો છે! એમ બોલીને તેઓ તલવારની વાર કરવા લાગ્યા, પણુ વિજયસિંહ યુદ્ધ કરવામાં ઘણી કસોટી પામેલો બાહાદુર હતો. તેનું કસરતી શરીર ઘણું દ્રઢ અને કદાવર હતું પણુ કહેવતમાં કહ્યું છે કે એકનું ઓસડ બે અગર ત્રણુ-એ પ્રમાણે આ વખતે વિજયસિંહને આફત આવી પડેલી હતી. ચંચળ અને હુંશિયાર વિજયસિંહે બન્ને તરફથી વારંવાર તલવારના ઘાવ પડતા ઢાલ ઉપર ઝીલી લઇને લકડી પટા પેચની માફક તલવારથી પટાબાજી ખેલતો અને કુહકારા મારતો શત્રુના હાથથી નંખાયલી તલવારોના વારને ઝીલીને પોતે તે બે પૈકી એકને એવો તો કારી ઝખમ તલવારથી કર્યો કે તે એકદમ ધડાક દઇને જમીન ઉપર પડી ગયો. એજ વખતે તે જમીન ઉપર પડનાર સાથીએ વિજયસિંહ ઉપર તલવાર પટકારી પણુ ચાલાક જવાંમર્દ વિજયસિંહે તુરતજ ઢાલ ઉપર તે તરવારને ઝીલી લીધી. બાકીનો રહેલો માણુસ યુદ્ધમાં ચતુર હતો તેથી વિજયસિંહ અને તેની વચ્ચે તુમુલ સંગ્રામ કેટલીકવાર સુધી ચાલુ રહ્યો. પણ તે સમયમાં રહેલો એક માણુસ હતો તેના મનમાં ભય અને પોતાને માટે થોડીવારમાં શત્રુના શસ્ત્રપેચથી કેવો પરિણામ થશે તે બાબત વિચારની સંઘટના ચાલી રહેલી હતી; અને યુદ્ધ કાર્ય મુકી દઇને બાકી રહેલું કાર્ય

દ્રષ્ટિભૂત થયું કે નહી તેનું નકી કરવાને જવાનો તેનો ચોક્કસ વિચાર હતો તેથી થોડીકવાર સુધી યુદ્ધ કરીને ત્યાંથી એવો તો પલાયન કરી ગયો કે તે કયાં જતો રહ્યો તેનો પત્તો લાગ્યો નહી.

આમ થવાથી વિજયસિંહ નિવૃત્ત થયો પણ ફરીથી બીજી કેવા પ્રકારની આફત આવી પડશે તેના માટે વીચારમાં ગર્ક થઇ ગયો. પોતાની નજર આગળ જખમથી મર્ણ પામેલી બે લાશો પડેલી છે. તે પડતી મુકીને વિજયસિંહ પોતાના બાગ તરફ વળ્યો અને પોતાની સ્ત્રી કુમુદસુંદરીને મળવાની ઈંતેજારીમાં પ્રવર્તાયો. સમય વિકટ હતો તેથી પોતાને ગેરહાજરીમાં રખેને કદાચ કુમુદસુંદરી ઉપર આફત આવી હોય એવા વિચારથી ઉતાવળો પગ ચલાવતો બાગના દ્વાર આગળ આવી પોહોંચ્યો કે તરતજ બાગમાં પ્રવેશ કર્યો, અને બાગની અંદરના પેલા ચબુતરા ઉપર વાતો કરતી બેઠેલી દાશીયો તરફ સિધ્ધો ચાલ્યો ગયો. વિજયસિંહને આવતો જોઇને તે દાશીયો ઉભી થઇ, અને કુમુદસુંદરીને તેમની સાથે જોવામાં ન આવ્યો તેથી તે દાશીયોમાંથી એક દાશી વિજયસિંહ પ્રત્યે કહેવા લાગી કે હજુર સાહેબ! કુમુદસુંદરી બાઇશ્રી આપની સાથે હતાં તે કયાં ગયાં? કેમ જણાતાં નથી? જ્યારથી આપને બાગના દરવાજા સુધી મુકવાને ગયાં છે. ત્યારથી અમે તેમના આવવાની રાહ જોતાં અહીયાં બેઠેલાં છીએ પણ અનુમાન કર્યો કે રખેને કદાચ થોડીકવારને માટે સડક ઉપર ફરવા બાહાંને સાથે સાથે રોકાયા હશો; માટે શું તે હજુ પાછળ છે?

વિજય—અરે! તે તો તમારી પાસે બેઠાં હશે એમ ધારીને તમારા તરફ તેમને મળવાને સારૂ હું આવ્યો છું.

દાશી—નારે સાહેબ, એ તો આપની સાથેજ હતાં. તે પાછાં અહિંયાં ક્યાં આવ્યાં છે?

વિજય—અફસોસ, આ શું કહેવાય! કેમ થયું હશે?

દાશી—સરદાર સાહેબ! આપ તેમનાથી છુટા થયે કેટલીવાર થઇ! અમે તો છેક મુંઝવણમાં પડી ગયા છીએ. અરે રામ! કેમ બન્યું હશે!

વિજય—અત્યારે એ સઘળુ કહેવાનો વખત નથી, અને તમે પૈકી-માંથી એક બંગલામાં જાઓ પછી જલદીથી બત્તી લઇને અહીં આવો. પછી દરેક બતીયો લઇને બાગની ચારેતરફ શોધી વળો કે તે ક્યાં છે.

વિજયસિંહનું આ પ્રમાણે વચન સાંભળીને તમામ દાશીયો-નાં હૃદય ભડકી ઉઠયાં, તેઓ બધી ગભરાઇ ગઇ, આમ તેમ ભય-થી વ્યાકુળ થએલી હરીણીની માફક દોડમ દોડા કરવા લાગી. બે દાશીયો ઘણી ઝડપથી એક બાજુ ઉપર જઇ ત્યાંથી બે મશાલો શળગાવી લાવી, અને તે મશાલ સહીત દાશીયોને લેઇ વિજયસિંહ કુમુદસુંદરીને શોધવા બગીચામાં ફરવા લાગ્યો. પરંતુ તેનો કંઇજ પત્તો લાગ્યો નહી.

વિજયસિંહ પોતાની પ્રાણ પ્યારી કુમુદસુંદરીને ખોળતો ખો-ળતો મશાલના પ્રકાશ સાથે બગીચાના દ્રાક્ષના માંડવાની પાસે પો-હોંચ્યો, ત્યાં એક લાશ જમીન ઉપર પડેલી જોઇ, તે વખતે એકદમ ખમચાઇને ચમકી પડયો. અને તે કુમુદસુંદરીની લાશ હોવી જો-ઇએ એવો તેણે અનુમાન કર્યો. પણ વિજયસિંહને ગભરાટમાં પડેલો જોઇ પેલી દાશીઓ મશાલ લઇ આગળ દોડી આવી, તેથી

તેના અજવાળામાં વિજયસિંહ તે લાશને બરાબર જોઇ તે ઉપરથી કુમુદસુંદરીના લાશનું અનુમાન ખોટું સમઝાયું પણ આ લાશ તો બીજાની એટલે દશ વરસની ઉમરના ખુબસુરત છોકરાની જણાતી હતી; પણ તે લાશ માથા વિનાની માત્ર ધડ હતું તેથી કયા છોકરાની તે લાશ છે તે બરાબર ઓળખી શકાય તેમ નહોતું. તે લાશના શરીર ઉપર ઉંચી જાતનો કીમતી પોશાક હતો, હાથના કાંડામાં હીરા જડીત્રના સુવર્ણનાં કડાં ઝળકતાં હતાં, આંગળીયોમાં કીમતી વિંટી હતી, લાશની ગરદનના કાપેલા ભાગ ઉપર પાસે જમીન ઉપર મોતીની માળા વિખેરાઇ પડેલી જોવામાં આવી, બન્ને પગમાં સુવર્ણનાં સાંકળાં હતાં, કમરમાં સુવર્ણનો દોરો જડીત્ર હતો. તે સઘળું જોઇને વિજયસિંહ એકદમ આશ્ચર્ય પામ્યો, અને તે જોઇને દાશીયો પ્રત્યે કહેવા લાગ્યો કે આ લાશનું માથુ ગુમ થઇ ગએલું છે તેનો કદાચ ગમે તેવો જોખમભરેલો ભેદ જણાય છે; પણ શરીર ઉપર પેહેરેલા પોશાક અને કીમતી દાગીના ઉપર વિચાર કરતાં ખાત્રીથી કહું છું કે આપણા માહારાજાના ન્હાના કુમાર શ્રી જયોતસિંહજીની આ લાશ છે. તે સાંભળી,

દાશી—અરે હાય. આ શો ગજબ થયો! કુંવર સાહેબ એકલા રાત્રીના વખતે આ બગીચામાં શી રીતે આવ્યા હશે? કયા ચડાળે ખુન કર્યું હશે? રામ રામ રામ રામ.

વિજય—અરે રામ, આ તો ઘણોજ ભયંકર અને વિપરીત બનાવ દેખું છું. હવે આપણી પુરી કમબખ્તી થઇ, જીવ જવાનો વખત નજીક આવ્યો. જે વખતે માહારાજા સાહેબને ખબર પડશે કે કુંવર સાહેબની લાશ વિજય-

સિંહના બાગમાંથી મળી આવી" તો પછી બાકી શી રહી.
બેશક હું પોતેજ તેનો ખુની ઠરીશ. મ્હારૂં નિરપરાધી-
પણું હું આવા વિકટ સંયોગમાં શી રીતે સાબીત
કરી શકીશ? હાય, દુશ્મનોને પણ કલ્પિત વાત ગુંથી
મને દુઃખ દેવાની ખરેખરી આ તક હાથ લાગી. એ-
ટલુંજ નહી પણ વગર કસુરે ફાંસીએ લટકાવી દેશે અરે
ઇશ્વર! આ ધર્મપંથપર નેક ટેકથી ચાલનારને માટે
શું આવોજ બદલો! અરે આવોજ બદલો આપવાનું
તારા ન્યાયી દફતરમાં લખાયું છે કે!

આ પ્રમાણે વિજયસિંહનો દુઃખદાયક પશ્ચાતાપ જોઇને આજુ બાજુ ઉભેલી દાશીયોના અંતઃકરણમાં ભય ઉત્પન્ન થયો. આ ભેદ-ભરેલા બનાવથી પરીણામમાં ભયંકર વિપતી આવી પડશે અને તેમાં આપણું કાત્યાંન નિકળી જશે એમ દરેક દાશીયો પોતપોતાના મનમાં વિચાર કરવા લાગી. સ્વાર્થી અને પોતના કાર્યમાં કુશળ રહે-નારી દાશીઓ ત્યાંથી યુક્તિસર સટકી જવાને યોજના કરવા લા-ગી. ગમે તો મિત્ર હો કિંવા બંધુ હો કે વિશ્વાસુ નોકર હો પરંતુ ખરા દુર્ઘટ પ્રસંગમાં મદદગાર રહે એજ ખાસ, મિત્ર કે સાચો સં-બંધી જાણવો. હવે આ વખતે આવોજ વિકટ મામલો આવી પડેલો જોઇ ભયને લીધે ધીરે ધીરે વિજયસિંહને છોડી બ્હાનાં કાઢવા લાગી. એક દાશી તે વખતે વિજયસિંહને કહેવા લાગી કે હજુર! રાખશો નહિ આ મામલો બન્યો છે તેને માટે આપ જરાએ ચિંતા સત્યનો બેલી પરમેશ્વર છે, માટે સત્ય ઉપર વિશ્વાસ રાખીને આ વાતનો અને આ દેખાવનો પશ્ચાતાપ દુર મુકો. વળી તમારા મનમાં આ બાબતમાં રાજકુમારની લાશ સંબંધી વેહેમ

હોય તો તમે તેની વ્યવસ્થા માટે અમે રોકાશો તો કાંઇ હરકત નથી, પણ અમારો જીવ તો કુમુદબાઇ વિના તાળવે ટંકાઈ ગયો છે; માટે અમે સઘળી દાસીઓ આ બાગમાંના દરેક વિભાગ તરફ શોધવાને માટે નીકળી પડીયે છીએ. હજુર કેમ આપની શી આજ્ઞા છે ?

વિજયસિંહ પવિત્ર હૃદયનો હતો તેથી દાશીઓના વિવેકભરેલા શબ્દોથી પોતે આટલી વિપત્તિમાં પણ કાંઇક આશ્રય માનીને તે સઘળી દાસીઓને તેમજ કરવાને આજ્ઞા આપી; તેથી તે દાશીઓ નેત્રમાંથી આંસુ કાઢતી, કરૂણાસ્પદ શબ્દો સંભળાવતી અને હૃદય-દ્રાવ થાય તેવા શબ્દો બોલતી બોલતી ત્યાંથી એવી તો ખશી ગઇ કે તે દાશી પૈકી એકેનો ત્યાં પત્તો જણાયો નહી. આ પ્રમાણે દાસીઓ સટકી ગઇ. બાદ તે લાશ પાસે ફકત વિજયસિંહ એકલોજ ઉભો રહ્યો. તે લાશને વારંવાર જોવા લાગ્યો તેમ તેમ તેનું હૃદય વિચારની જાળમાં ફસાવા લાગ્યું એક તરફ પોતાની પ્રાણપ્રિયા કુમુદ ગુમ થઇ ગયાની અસહ્ય ચિંતા છે, ત્યારે બીજી તરફ અકસ્માત ભ-યંકર બનાવમાં લાશ જોવાથી થએલી ચિંતા: એ પ્રકારે ચિંતારૂપી બન્ને પિશાચીણીઓએ વિજયસિંહનું હૃદય ખેંચવા માંડયું. આ લાશ રાજપુત્રની છે એવી સમઝથી તેનું હૃદય ઘણુંજ ધડકવા લાગ્યું. કિર્તિને કલંક લાગ્યા કરતાં મરવું ઘણું સારૂ છે એ વિવેકથી તે ઘણોજ બેહાલ થવા લાગ્યો; તેના નાકમાંથી ઉન્હી વરાળો નીકળવા માંડી; મહારાજા સાહેબને આ બાબત હું શો જવાબ દઇશ તેની ચિંતાથી તે બાહાવરો બની ગયો; દાઝયા ઉપર જેમ લુણ લગાડવા-માં આવે છે તેમ કુમુદપ્રિયાની ચિંતામાં આ ચિંતાએ વધારો કર્યો. આવી સ્થિતિવાળા વિજયસિંહે છેવટે તે લાશને પોતે ઉઠાવી લીધી, અને બાગના જે ભાગ તરફ મનુષ્યની આવ-જા થોડી હતી,

તથા જ્યાં ઝાડી પણ વધારે હતી તે તરફ શબ ઉચકીને ચાલતો થયો, અને તે ઝાડની ઘટામાં જઇને તે લાશને મુકી દીધી; અને તેની વ્યવસ્થા કરવામાં પોતે ગુંચાયો. તે લાશને ત્યાં બરાબર નિશાનથી ગોઠવીને ત્યાંથી એજ બાગના માળીના ઝુંપડા આગળ આવી પહોંચ્યો. જો કે અંધાર ઘણું હતું વળી આકાશમાં વાદળા છવાઈ જવાથી કાંઇ દેખાતું હતું નહી તોપણ તેવી ઝાડીમાં ફાંફાં મારતો મારતો વ્યાકુળ હૃદયવાળો વિજયસિંહ વિજળીના ચમકારાના વારંવાર થતા પ્રકાશને આધારે તે ઝુંપડી આગળ આવી પોહોંચ્યો. આ વખતે બીજી ઝુંપડીની ઓસરીમાં બાગનો માળી જો કે ખાસ પોતાનો નોકર હતો તે ઉંઘી ગયો હતો તેથી પોતે યુક્તિથી કોઇ જાણે નહીં તેમ બીજી ઝુંપડીમાં પેશીને એક કોદાળો ઉઠાવી લીધો અને ત્યાંથી પેલી લાશ જ્યાં ગોઠવી હતી તે તરફ ચાલ્યો. આકાશમાંથી છાંટા પણ પડતા હતા તેથી અંગ ઉપરનું કપડું ભીનું થતું હતું છેવટે જ્યાં લાશ ગોઠવી હતી એજ જગોએ આવીને પોતે ઉભો રહ્યો. તેનો વિચાર એવો હતો કે તે લાશને જમીનમાં દાટી દેવી; એટલા માટે તે કોદાળો લઇને આવી પહોંચ્યો અને લાશને તપાસવા લાગ્યો. વૃક્ષ ઘટામાં વિશેષ અંધારૂં હોય એમાં આશ્ચર્ય નહી અર્થાત તેવા અંધારામાં તે આમથી તેમ અને તેમથી આમ ભટકવા લાગ્યો તેણે નિશાન તરીકે જે વસ્તુ ગોઠવી હતી તે વસ્તુ તેના હાથમાં આવી પણ લાશ મળી નહી. મુકેલું નિશાન જ્યારે હાથ લાગ્યું ત્યારે અહિંયા ગોઠવેલી લાશ ક્યાં ગઇ, તે બાબત આટલી બધી ચિંતામાં વિશેષ ચિંતાનો વધારો થયો. તે કેવળ નાઉમેદ થઈ ગયો અને વ્યાપેલી ચિંતામાં કુમુદસુંદરીની શોધ કરવાની પણ તેનામાં તાકાત રહી નહી.

આહાહા, કેવો દુર્ઘટ સમય! કેવી આફત! આવી આફત તો કોઇના ઉપર પણ ગુજરશો નહી! યદ્યપી કર્મ સંસ્કારના બળથી આ શુદ્ધ હૃદયના વિજયસિંહ ઉપર આફતનો મેઘાડંબર છવાઇ રહેલો હતો.

વિજયસિંહ પોતાના માલીક માહારાજા તથા કુમાર પ્રત્યે ઘણોજ શુદ્ધ પ્રેમભાવ તથા દીલસોજી ધરાવતો હતો જેથી કુમારની લાશ પ્રથમ તેના જોવામાં આવી તે વખતે તે એવા વિચારપર આવ્યો હતો કે હાલ તુરત તો આ કુમારની લાશને જમીનમાં છુપાવી દેવી; અને ખુન કરનારને ગમે તેમ કરી જલદીથી કબજે કર્યા બાદ આ લાશનો ભેદ સર્વના સમક્ષ ખુલો કરવામાં આવે તો ઠીક થશે. આ પ્રમાણે તેની મુખ્ય ધારણા હતી. પરંતુ તે ધારણા નિષ્ફળ થઇ; કેમકે વિજયસિંહ ઝાડીમાં લાશ મુકી કોદાળો લેવા માળીની ઝુંપડીમાં જઇ ત્યાંથી કોદાળો લઇ પાછો તે જગોએ આવતાંની વચમાં એકાએક તે લાશ કોણ જાણે કયાંએ ગેબ થઇ ગઇ.

આવી ગભરામણમાં હેરાન થતો વિજયસિંહ ચારે તરફ ભટકતો, નજર કરતો તે લાશને ખોળતો હતો. વરસાદના છાંટાથી તેનો પેહેરેશો પોશાક બીલકુલ પલળી ગયો હતો તેવામાં બગીચાના દરવાજા તરફ ઓચિંતો કાંઇ દીવા મશાલનો પ્રકાશ વિજયસિંહની નજરે પડયો; તે અજવાળુ પોતાના તરફ આવતું હોય તેમ વિજયસિંહે જાણ્યું.

જ્યારે બાગની અંદર તે અજવાળુ આવી લાગ્યું ત્યારે બે મશાલો સળગતી તથા તે સાથે કેટલાક માણસો છત્રીયો ઝાલી બ-

ગીચાંની અંદરના બંગલા તરફ જતા સ્પષ્ટ રીતે જણાઇ આવ્યાં. આવનાર માણસો બંગલા તરફ જઇ પોહોંચે તે પહેલાં વિજયસિંહ જ્યાં ઉભો હતો ત્યાંથી તેણે બંગલામાં દાખલ થવું યોગ્ય માન્યુ અને ઝડપથી બંગલામાં જઇ પોહોંચ્યો. આ બંગલાના દિવાનખાના પાછળ જામદારખાનાનો ખંડ હતો તેમાં તે સત્વરથી દાખલ થઈ ગયો અને વરસાદથી ભીના થઈ ગએલાં કપડાં ઉતારી નાંખ્યા પછી બીજા કોરાં કપડાં પહેરવાની તજવીજ કરતો હતો તેવામાં તો પેલા માણસો મશાલ સાથે બંગલામાં આવી પોહોંચ્યા.

આ લોકોને બંગલાના દિવાનખાનામાં આવતાં જોઇ રણજીતસિંહ ફક્ત કોરૂ ધોતીયું પેહેરી લઇ તે લોકોના સ્હાંમો જઇ ઉભો. પેલા આવનાર માણસોએ તેમને જોઇને નીચે નમીને સલામ કરી; આવેલા આદમીયોમાં બે માણસો માહારાજા નંદસિંહના મુસાહિબ સરદાર હતા. બાકીના દસ માણસો રાજાના ખાસ આડદલીના માણસો હતા; રાજા નંદસિંહના દરબારમાં આ વિજયસિંહની સારી ઇજત બંધાયલી હતી તેથી રાજાએ મોકલેલાં માણસો તેમની સાથે બહુજ અદબથી વર્તતા હતા; પણ વિજયસિંહની આબરૂ અને ખાનદાની સંબંધી આગળ જતાં હકીકત જાણવામાં આવશે. આવેલા માણસો વિજયસિંહને સલામ કરી અદબવાળીને તેઓ ઉભા રહ્યાં. તેમાના બન્ને મુસાહિબ (સરદારો) તરફ દ્રષ્ટિ કરીને વિજયસિંહે પુછ્યું કે આવી આંધી અને વરસતા વરસાદની તોફાની અંધારી રાત્રે આ તરફ આવવાની શું કાંઇ જરૂર પડી છે કે શું!

એક સરદાર—રાજા સાહેબ આપને યાદ કરે છે માટે આપને તેડવાને સારૂ અમને મોકલ્યા છે.

વિજય—ઠીક ઠીક, પણ આવા ક વખને મને બોલાવવાનું શું કારણ છે તે તમે કાંઇ જાણોછો ?

બીજો સરદાર—હાજી, કુમાર સાહેબ વિષે સરકારે કાંઇ ભયંકર બિના સાંભળી છે તેથી તે ઘણાજ બેચેન થઇ રહ્યા છે.

વિજય—(ચમકી જતાં) ભયંકર ખબર ! અરે પણ તે શી રીતની ?

પેહેલો સરદાર—(નિશ્વાસ નાંખતો) અરે; કાંઇ કહેવાનીજ વાત નથી. કુંવર સાહેબની જીંદગીનું જોખમ થઇ ગયું.

વિજય—(કાંપતો કાંપતો) અરરરરર, શું આવો કેર વરતાઇ ગયો !

સરદાર—હા, સાહેબ ઘણુંજ ઘોર કૃત્ય થયું.

વિજય—જરા સબુર કરો, હું હાલજ તમારી સાથે આવું છું.

આ પ્રમાણે કહીને વિજયસિંહ કપડાં પેહેરવાને માટે પાછો જામદારખાનામાં ગયો. આ વખતે બંગલામાં કોઇ બીજું માણસ અગર દાશી સુદ્ધાંત હાજર હતું નહી કે કદી ઉતાવળનું કામ હોય તો તેને બતાવી શકાય. આ વખતે વિજયસિંહને અકળામણ કે દુઃખનો જરાયે પાર રહ્યો નહોતો. તેને માટે તો આ વખત ઘણોજ ભયાનક અને કઠિણ થઇ પડયો હતો. અહા જુવો, બિચારા વિજયસિંહની કેવી સ્થિતિ બની ગઇ છે; કે જે પોતાની ધર્મ પત્નીને પ્રાણથી પણ અધિક વ્હાતો હતો છતાં તેને શોધી કાઢવા જેટલી પણ તક તેને મળી શકી નથી.

જામદારખાનામાં ગયેલો વિજયસિંહ અનેક પ્રકારના વિચારની સંકલનામાં ઘેરાયલો કપડાં પેહેરીને આવેલા માણસો સાથે બાહેર નીકળી પડયો. આ વખતે આશરે એક પહોર રાત્રી બાકી રહેલી હતી. રસ્તે ચાલતાં વિજયસિંહ સેંકડો પ્રકારના તર્કવિતર્કના વમળમાં એવો તો ઘુમ થઇ ગયો હતો કે પોતે કયે રસ્તે જાય છે તેનું પણ તેને કાંઇ ભાન રહ્યું નહોતું; ફકત આવેલા માણસોની પાછળ પાછળ પોતે પગ ચલાવતો હતો વિજયસિંહ રસ્તે ચાલતાં પોતાની સ્ત્રી કુમુદસુંદરી માટેના વિચરમાં ડુબી જતો હતો; અને તે એકાએક કયાં ગેબ થઈ ગઇ અને કેવી આફતમાં ફસાઇ ગઇ હશે તેના શોચમાં પડી જતો હતો; ત્યારે તે વિચાર પલટાઈ જઇને એકદમ કુમારની લાશ વિષે તેને સ્મરણ થઇ આવતું હતુ અને તે સંબંધે જે આશ્ચર્યકારક બનાવ બનેલો હતો તે યાદ આવતાં તેના પરીણામની સાથે પોતાની જાત ઉપર તથા સગાં વહાલાં ઉપર ધસી આવેલી આફત વિગરે તરફ લક્ષ જતાં તેનું મજબુત હૃદય છતાં પણ થરથરી જતું હતું. કેમકે બદનામીનો બરો માથે વોહોરીને પોતાનો જાન આપવો એ ઘણુંજ હિણપતભર્યું સમજતો હતો. જ્યારે લડાઇના મેદાનમાં પોતાનું વિરત્વ બતાવવાના સમયમાં તે પોતાના સૌથી પ્યારા જીવની જરા પણ પરવા રાખતો નહી હતો તે સાથે દુનિયાના વિચિત્ર રંગ અને કપટજાળ તરફ તેનું ધ્યાન દોરાઇ જતું હતું; વળી પોતાની દાસીયો નાશી જવાની નિમક–હરામી યાદ આવતાં પોતાના હોઠને દાંત તળે જોરથી દબાવી ક્રોધમાં આવી જતો હતો. એ વખતે તેના મનમાં એવો પણ વિચાર આવ્યો કે માહારાજા સાહેબે મને બોલાવવા માટે કોઇ દિવસ નહી અને આજે રાત્રી સમયે મારા તરફ આટલા બધા માણસો કેમ મો-

હશે હશે? મને ખબર આપવાને એક માણસ મોકલવો બસ હતો. આ પ્રમાણે વિજયસિંહ તર્ક વિતર્કના વમળમાં ગેથા ખાવા લાગ્યો. જેમાં તે છેવટે એજ વિચારમાં આવ્યો કે કદાચ રાજા ઉપર અનાયાસે દુઃખ આવી પડયું હશે અને પુત્રઘાતના અસહ્ય શોકમાં તેમના મિજાજ બદલાઈ ગયો હશે માટે આટલા માણસો મારા તરફ મોકલ્યા હશે.

આ પ્રમાણે ચાલતાં ચાલતાં વિચાર સંકલનાના તરંગમાં અથડાતો વિજયસિંહ મહારાજાના માણસો સાથે ચાલ્યો જતો હતો. રસ્તે ચાલતાં પેલા દ્રાક્ષના માંડવા નજીક પોહોંચ્યા કે જે દ્રાક્ષના માંડવા માટે આપણે ઉપર લખી ગયા છીએ, અને જે દ્રાક્ષના માંડવા આગળ નિર્દય પીતા દારૂણસિંહ પોતાની પુત્રી કુમુદસુંદરીનો પ્રાણ લેવાને છાતી ઉપર ચઢી બેઠો હતો; અને એજ માંડવા આગાળ પેલી જુવાન છોકરીની લાશ પડેલી હતી, કે જે લાશ એક વખત વિજયસિંહજીના જોવામાં આવી હતી અને ત્યાંથી તે ભયને માર્યે ઉઠાવીને લઇ ગયો હતો તે દ્રાક્ષના માંડવા પાસે તમામ આવી પોહોચ્યા. ત્યાં આવતાં મશાલચીયો ઓચિંતા ખચગાઇ પડ્યા અને એકાએક ચમકી જઇને તથા ગાભરા બની જઈને બોલ્યા કે અરે આ શું! જુવો તો ખરા! આ કોની લાશ અહિંયા પડી છે! આ પ્રમાણે મશાલચીઓનું વાકય સાંભળી આશ્ચર્ય ચકિત થઇ ગયા, અને બંને સરદારો તથા વિજયસિંહ આગળ આવીને તપાસે છે તો સડક ઉપર એક લાશ પડેલી જોઇ. તે જોઈ ઘણું વિસ્મય પામતા બોલ્યા કે, જો કે આ વગર માથાની લાશ છે તોપણ કુમાર સાહેબની છે, એમ પેલા આવેલા માણસોએ અભિપ્રાય આપીને ઓળખી કાઢી. (અધુરૂં.)